# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૬-A તા.૨૬ -૦૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિનિયમ-૨૦૧૬ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા અંગે તથા દિવ્યાંગ બાળકોના શાળા પ્રવેશ (નામાંકન) બાબત.

સંદર્ભ :-
૧. The Right of persons with disabilities Act.2016 (No.49 of 2016)
૨. ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ / ૨૦૧૯/૨૩૦૪૭-૮૪ તા.૧૫-૬-૧૯નો પત્ર.
૩. સ્ટેટ પ્રોજેક્ટ કચેરી એસએસએ ગાંધીનગરનો પત્ર ક્રમાંક : એસએસએ/ આઈઈડી /૨૦૧૯/૧૯૮૫૫-૯૫૩ તા.૨૧-૬-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ,૨૦૧૬(૨૦૧૬ નો ૪૯)ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા સંદર્ભે **આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્રનું ચુસ્તપણે પાલન કરવા** જણાવવામાં આવે છે.

મફત અને ફરજિયાત શિક્ષણના કાયદાની જોગવાઈ અન્વયે ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. આ કાયદામાં વર્ષ ૨૦૧૨માં થયેલ એમેડમેન્ટની જોગવાઈ મુજબ ‘‘વિશિષ્ઠ જરૂરિયાત ધરાવતા ૬ થી ૧૪ વર્ષના તમામ દિવ્યાંગ બાળકોને પણ પ્રવેશ મેળવવાનો અધિકાર છે તેમજ તેમની જરૂરિયાત મુજબ અવરોધમુકત સુગમ પ્રવેશવાળી માળખાકીય સુવિધા, અધ્યન અધ્યાપનનાં સાધનો અને તેમની જરૂરિયાત મુજબની સવલતો પુરી પાડવા જણાવેલ છે.’’ વિશિષ્ઠ જરૂરિયાત ધરાવતા ૬ થી ૧૪ વર્ષના કોઈપણ બાળકને શાળા પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં.

આથી આપની શાળાની નજીકના વિસ્તારના વિશિષ્ઠ જરૂરિયાત ધરાવતા દિવ્યાંગ બાળકોને આરટીઈ. ૨૦૦૯ મુજબ શાળામાં પ્રવેશની મનાઈ કરી શકાશે નહીં અને ફરજિયાતપણે પ્રવેશ આપવાનો રહેશે.

બિડાણ : **સંદર્ભ દર્શિત પત્ર.**

તા.૨૬ -૬-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
17 JUN 2019
આવક નં.

ક્રમાંક : જીસીઈઆરટી/સીઈ-વર્ડ/2019/ 23047-84
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: 15-06-2019

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-2016ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા અંગે**

**સંદર્ભ: The Right of persons with disabilities Act 2016 (No:49 of 2016)**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ-3 થી ૮ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, 2016 (2016 નો 49)'ની જોગવાઈ અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થીઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા અપાયેલું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેમની જરૂરિયાત અને વાજબીપણા મુજબ વિશેષ સવલતો આપવાની રહેશે. દિવ્યાંગતા કે લર્નિંગ ડીસએબિલિટી કોને ગણવી તે અંગે આરોગ્ય વિભાગ દ્વારા જે નિયમો બનાવવામાં આવેલા હોય તે અનુસાર સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેથી લર્નિંગ ડીસેબિલિટી ધરાવતા દિવ્યાંગોને આ મુજબની વિશેષ સવલતો આપવાની રહેશે. આ પત્રના અમલ માટે દિવ્યાંગ એટલે સંપૂર્ણ દૃષ્ટિહીન, અલ્પદૃષ્ટિ, બધિરાંધ, મંદબુદ્ધિ, બહુદિવ્યાંગતા, ઓટીઝમ, ઠીંગણાપણું, એસિડના હુમલાનો ભોગ બનેલ, શ્રવણક્ષતિ, વાક્ક્ષતિ, સેરીબલ પલ્સી (CP), મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, મટી ગયેલો રક્તપિત, સ્પેસીફીક લર્નિંગ ડીસએબિલિટી (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), Thalassemia, Parkinson'sdisease, Multiple sclerosis, Haemophilia ધરાવવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**(૧) પરીક્ષા સમયમાં છૂટછાટ:**

દિવ્યાંગ વિદ્યાર્થીઓને ધોરણ ૩ થી ૮માં શાળાકક્ષાએ લેવાનાર તમામ લેખિત પરીક્ષાઓમાં ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં વધારાનો સમય અડધો કલાક (૩૦ મિનિટ) અથવા બે કલાકની પરીક્ષામાં વધારાની વીસ મિનિટ દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળી શકશે. કોઇપણ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ સ્વબળે પોતે જ લેખિત પરીક્ષામાં ઉત્તરો લખે અને લહિયાની મદદ ન લે અથવા લહિયાની મદદ લે તો પણ શાળાકીય લેખિત પરીક્ષામાં ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં વધારાનો અડધા કલાકનો અથવા બે કલાકની પરીક્ષામાં વીસ મિનિટનો સમય મેળવવા હકદાર રહેશે.

(૨) ઉત્તીર્ણતાનું ધોરણ:

મૂલ્યાંકનમાં ઉત્તીર્ણ થવાના માપદંડો અન્ય કોઇરીતે નિયત કરવામાં આવ્યા હોય તો પણ કોઇ પણ પ્રકારની એક કે એકથી વધારે દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઉત્તીર્ણતાનું ધોરણ ૨૦ ટકા રહેશે.

(૩) દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા સ્થળ ખાતે કરવાની ભૌતિક સુવિધાઓ :

- તમામ શાળાકીય પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગ્રાઉન્ડ ફ્લોર ( ભોંયતળિયા ) પર ગોઠવવી.
- દિવ્યાંગ પરીક્ષાર્થીને અનુરૂપ ફર્નિચર જેવું કે બેંચ , ચેર , ડેસ્ક , ટેબલ ઈત્યાદિ તેમજ સુગમ્ય શૌચાલયયુક્ત સુવિધા નજીક હોય તેની કાળજી રાખવાની રહેશે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓની સહાયતા અર્થે જે તે જિલ્લામાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને સાંકળીને જવાબદારી સોંપવી.

(૪) પરીક્ષા દરમિયાન વિશિષ્ટ સાધન - સામગ્રીનો ઉપયોગની છૂટછાટ:

તમામ શાળાકીય પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિશિષ્ટ સાધન સામગ્રીનો ઉપયોગ કરવાની છૂટ આ પ્રમાણે મળશે:

- સંપૂર્ણ દૃષ્ટિહીન , અલ્પદૃષ્ટિ , બધિરાંધ , સેરીબ્રલ પાલ્સી ( C . P ) , ઓટીઝમ , બહુવિકલાંગતા, બધિર અને તીવ્ર બહેરાશ ધરાવતા, દિવ્યાંગ વિદ્યાર્થીઓ ઈચ્છે તો કમ્પ્યૂટર સ્ક્રીન - રીડર, બ્રેઈલલિપિ લોડ કરેલું સોફ્ટવેરયુક્ત કમ્પ્યૂટર, એબેક્સ , ટ્રેલર ફ્રેમ, બ્રેઇલ ગાણિતિક કંપાસ વાપરી શકશે.
- અલ્પદૃષ્ટિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ મેગ્નીફાઈંગ ગ્લાસ , ટોકિંગ કેલક્યુલેટર, લાર્જ કેલ્ક્યુલેટર, લાર્જ કી બોર્ડ સાથેનું ઓપ્ટિકલ આસીસ્ટીવ ડિવાઈસ , લો - વિઝન કીટનો ઉપયોગ કરી શકશે.
- વ્યક્તિગત દિવ્યાંગતાને અનુરૂપ જરૂરિયાત મુજબની વિશિષ્ટ શૈક્ષણિક સાધન - સામગ્રીનો ઉપયોગ કરી શકશે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાત વાજબીપણા મુજબ શાળાના આચાર્યશ્રીએ આ અંગેની મંજૂરી આપવાની રહેશે .

(૫) બ્રેઈલ લિપિમાં પ્રશ્નપત્ર:

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને બ્રેઈલ લિપિવાળું પ્રશ્નપત્ર આપી શકાય તેમ હોય તો આપવાનો નિર્ણય કરવો અથવા રીડર કે રાઇટરની વ્યવસ્થા કરવી.

(૬) દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષાના મૂલ્યાંકનમાં અંગ્રેજી / અન્ય ભાષામાં જોડણીની ભૂલો અને ખોટી વાક્યરચના હોય તો તે ક્ષમ્ય ગણવી તેમજ ગણિત વિષયમાં સ્ટેપ્સની ભૂલ ગ્રાહ્ય રાખવી.

(૭) રીડર / રાઈટર ( લહીયા ) સેવા બાબત:

દિવ્યાંગ કે ફ્રેકચર અથવા સ્નાયુની ઈજા જેવી ગંભીર પ્રકારની બિમારીથી પીડાતા હોય તેવા વિદ્યાર્થીઓ કોઈ કારણસર લખવા અસમર્થ હોય અને વિદ્યાર્થીઓ સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેઓની જરૂરિયાત અને વાજબીપણા અનુસાર તેઓને રીડર / રાઈટર ( લહિયા )ની સેવાની મંજૂરી આચાર્યશ્રીએ આપવાની રહેશે.

(૮) વિષય પસંદગીમાં છૂટછાટ:

દિવ્યાંગ વિદ્યાર્થીઓની દિવ્યાંગતા અનુસાર અને આવશ્યકતા મુજબ લેખિત પરીક્ષામાં વિષય પસંદગીમાં મુક્તિ અને છૂટછાટ મળવાપાત્ર થશે. વિદ્યાર્થી ઇચ્છે તો માત્ર પ્રથમ ભાષા ( માતૃભાષા ) એટલે કે ઉચ્ચસ્તરીય ભાષા સિવાયની ભાષાઓ પૈકી કોઇ એક ભાષામાંથી મુક્તિ મેળવી શકશે. આ સિવાય ચિત્રકલા, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, સંગીત જેવા વિષયોમાં પોતાની દિવ્યાંગતા અનુસાર મુક્તિ મેળવવા ઇચ્છતા હોય તો શાળાના આચાર્યશ્રી મુક્તિ આપી શકશે.

(૯) દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રમાં કોઇ પ્રકારના પ્રશ્નોના જવાબ આપવામાં તેમની દિવ્યાંગતા બાધક બનતી હોય તો તે પ્રકારના પ્રશ્નના જવાબ આપવામાંથી મુક્તિ આપવાની રહેશે. જેમ કે, કોઇ આકૃતિ કે ચિત્રના આધારે જવાબ આપવાના હોય, જવાબમાં આકૃતિ કે ચિત્ર દોરવાનું હોય, નકશાપૂર્તિ કરવાની હોય તો તે પ્રકારના પ્રશ્નની જગ્યાએ વૈકલ્પિક પ્રશ્ન આપી શકાશે. જો પ્રશ્નપત્રમાં વૈકલ્પિક પ્રશ્ન આપવામાં આવ્યો ન હોય તો શાળાના આચાર્યશ્રી જે તે પ્રશ્નની જગ્યાએ વૈકલ્પિક પ્રશ્ન આપી શકશે.

(૧૦) ધોરણ-૧ અને ૨માં લેખિત પરીક્ષા હોતી નથી પરંતુ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે અનૌપચારિક મૂલ્યાંકન પણ લવચિક (Flexible) બને તે ધ્યાન રાખવું.

ઉપર દર્શાવેલ બાબતોનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે. તેમજ કોઇ બાબતમાં માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર સવિનય જાણ સારૂં
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસએસએ, ગાંધીનગર જાણ સારૂં
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત, ગાંધીનગર જાણ સારૂં
નકલ રવાના:
પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ અમલીકરણ સારૂં

ક્રમાંક:પ્રાશિનિ/એકડમિક/૨૦૧૯/૨-૪૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડૉ જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૧૨/૧,
ગાંધીનગર તા. ૨૪/૬/૨૦૧૯

પ્રતિ,
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે શાસનાધિકારીશ્રીઓ.

દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (૨૦૧૬ નો ૪૯)ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા સંદર્ભે ઉપરોક્ત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક

F. No. 1-16/2015-RMSA-II/IE
Government of India
Ministry of Human Resource Development
Department of School Education & Literacy
Shastri Bhawan, New Delhi

Dated : 14th January, 2019

To,

1. Education Secretary
   All States and UTs
2. Commissioner, KVS
3. Commissioner, NVS
4. Chairperson, CBSE

**Subject: Instructions regarding the denial of admissions to Children with Special Needs (CwSN).**

The Right of Children to Free and Compulsory Education (RTE) Act, 2009 being implemented since April 1, 2010 mandates free and compulsory elementary education for all children in the age group of 6 to 14 years. Section 3 (2) of this act specifically provides that a child with disability shall have the right to pursue free and compulsory elementary education. Further, The RTE Amendment Act, 2012 introduced definition of children with disability and other enabling measures.

2. While a number of initiatives and steps are being taken to include children with disabilities into the fabric of formal schooling, it is reiterated that the provisions of the RTE Act, 2009 regarding the education of children with special needs (CwSN) may be implemented in true spirit. In this regard, measures such as formal identification and assessment, barrier free access to, from and within the school, appropriate teaching learning aids in an inclusive classroom etc. are being undertaken. In order to ensure the educational rights of children with special needs, appropriate Government and local authorities should ensure that no school denies admission to children with special needs, thus creating an inclusive and equitable learning environment for all children.

3. State Government and UT Administrations are requested to take necessary action in this regard and intimate the Department of School Education & Literacy on the steps taken in this direction.

Yours faithfully,

(Ravi Katyal)
Deputy Secretary (SS)
Tel. No. 011-23070837

Copy to: NIC, MHRD for uploading on Shagun Portal.

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૬-B તા.૨૬ -૦૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Disaster Risk Reduction(DRR) બાબત.

સંદર્ભ :- ૧. પત્ર ક્રમાંક : પરચ-૧૧૨૦૧૭-૩૪૪-વ.૨ શિક્ષણ વિભાગનો તા.૪-૬-૧૯નો પત્ર.

૨. ક્રમાંક :પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૨૬૧૨-૬૫ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૪-૬-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે , ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટના તા.૨૭-૦૫-૨૦૧૯ની નકલ આ સાથે સામેલ છે. જે અન્વયે ઝડપી વિકાસશીલ શહેરો અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વિકાસ અને ઝડપી વસ્તી વિસ્તરણને લીધે આપત્તિનું જોખમ વધ્યુ છે. જેથી આપત્તિનું જોખમ ઘટાડવા ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે જાગૃત રહેવાના હેતુથી GIDM દ્વારા એક તાલીમ મોડયુલ તૈયાર કરવામાં આવેલ છે. તાલીમ મોડયુલને GIDM વેબ પોર્ટલથી https://gidm.gujarat.gov.in/en/digital-library નિઃ શુલ્ક ડાઉનલોડ કરવાના સ્ટેપની માહિતીની નકલ પણ સામેલ છે.

આ સાથે સામેલ સંદર્ભ દર્શિત પત્રને ધ્યાને લઈ આ તાલીમ મોડયુલ મુજબની તાલીમ શાળાકક્ષાએ તમામ શિક્ષકો - બાળકોને આપવા માટેનું આયોજન કરવા જણાવવામાં આવે છે. જેથી આપત્તિનું જોખમ ઘટાડી શકાય.આ સંદર્ભે તમારા શાળામાં કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ તા.૩૦-૬-૧૯ સુધીમાં તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીએ મોકલી આપવાનો રહેશે.

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર.

તા.૨૬-૬-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/ ૨૬૧૨૨-૬૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૧/૦૬/૨૦૧૯
૨૮

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** Disaster Risk Reduction (DRR) બાબત
**સંદર્ભ:-** શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:- પરચ-૧૧૨૦૧૭-૩૪૪-વ.૨ તા. ૦૪/૦૬/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત ઇન્સટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટના તા.૨૭/૦૫/૨૦૧૯ ની નકલ આ સાથે સામેલ છે. જે અન્વયે ઝડપી વિકાસશીલ શહેરો અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વિકાસ અને ઝડપી વસ્તી વિસ્તરણને લીધે આપત્તિનું જોખમ વધ્યુ છે. જેથી આપત્તિનું જોખમ ઘટાડવા ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે જાગ્રુત રહેવાના હેતુથી GIDM એક તાલીમ મોડયુલ તૈયાર કરવામાં આવેલ છે. તાલીમ મોડયુલની કોપી બિડાણમાં સામેલ છે. GIDM વેબ પોર્ટલથી https://gidm.gujarat.gov.in/en/digital-library નિઃશુલ્ક ડાઉનલોડ કરવાના સ્ટેપની માહિતી નકલ પણ સામેલ છે.

આ તાલીમ મોડયુલ મુજબની તાલીમ આપવા માટેનું આયોજન કરવા તથા આપના તાબા હેઠળના કર્મચારીશ્રીઓ તથા તમામ પ્રાથમિક શાળાઓમાં તાલીમ આપવાનું આયોજન આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્ર તેમજ GIDM કચેરીના પત્રને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે. જેથી આપત્તિનું જોખમ ઘટાડી શકાય, ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે જાગૃતિ કેળવાય આ બાબતે કરવામાં આવેલ આયોજનની વિગતો અંગેનો અહેવાલ દિન- ૧૫ માં અત્રેની કચેરીના ઇ-મેઇલ sankalan.dpe.guj@gmail.com પર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણ:-** ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ રવાના:-**
- શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાક-પરચ-૧૧૨૦૧૭-૩૪૪-વ.૨

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા-૦૪/૬/૨૦૧૯

162
16 JUN 2019
૧૫૮૫
૨/૬/૧૯

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર

(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૭) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

વિષય- Disaster Risk Reduction(DRR)

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના ગુજરાત ઇન્સટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટના તા.૨૭/૫/૨૦૧૯ પત્ર ક્રમાંક GIDM/DM/Academics/DRM/724/05/2019ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ઝડપી વિકાસશીલ શહેરો અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વિકાસ અને ઝડપી વસ્તી વિસ્તરણને લીધે આપત્તિનું જોખમ વધ્યું છે, આથી આપત્તિનું જોખમ ઘટાડવા ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે જાગૃત રહેવાના હેતુથી GIDM એક તાલીમ મોડ્યુલ તૈયાર કરેલ છે.

તાલીમ મોડ્યુલની કોપી સી.ડી સ્વરૂપે આ સાથે સામેલ છે. જીઆઇડીએમ વેબ પોર્ટલથી https://gidm.gujarat.gov.in/en/digital-library નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકાય છે. ડાઉનલોડ કરવાના સ્ટેપની નકલ પણ આ સાથે સામેલ છે.

આ તાલીમ મોડ્યુલ મુજબની તાલીમ આપવા માટેનું આયોજન કરવા તથા આપના તાબાની કચેરીઓના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ તથા શાળા/કોલેજોમાં તાલીમ આપવાનું આયોજન કરવુ. જેથી આપત્તિનું જોખમ ઘટાડી શકાય, ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે જાગૃતિ કેળવાય. સદર બાબતે આપના દ્વારા કરવામાં આવેલ આયોજનની વિગતો અંગેનો અહેવાલ પણ અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

14 JUN 2019

બિડાણ-ઉપર મુજબ

Letter



Scanned by CamScanner

**P K Taneja,** IAS (Retd.)
(Former Addl. Chief Secretary to Govt. of Gujarat)
**Director General**

**GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT**
BUILDING RESILIENCE

GIDM/DM/Academics/DRM/724 /05/2019
May 27, 2019

Dear Smt. Anju Sharma,

Disaster Risk Reduction (DRR) is an important component for achieving sustainable development, in particular when Gujarat is steadily developing. Fast growing cities and rural areas of the Gujarat increase disaster risk due to economic growth and fast population expansion. Post 2015, there has been a significant shift in overall approach by a strong emphasis on Disaster Risk Management as opposed to Disaster Management which includes primary responsibility of states to prevent and reduce disaster risk through all-of-society and all-of-state institutions engagement.

**2.** Since local governments are increasingly taking an important role in the sustainable development, the need for knowledge of disasters risks has even become greater. It is intended that local governments and other institutions learn from one another by effectively facilitating the sharing of sound practices and disseminating these established sound practices in risk reduction.

**3.** Accordingly, GIDM has developed a training module on "Understanding Disaster Risk Management" with the aim to make aware all in the field of Disaster Risk Management and ultimately achieve inclusive, resilient and sustainable growth in Gujarat. The copy of the module can be freely downloaded from GIDM Web Portal –
**https://gidm.gujarat.gov.in/en/digital-library**

**4.** I would like to request you to kindly deliberate and circulate the module amongst the HoDs/all and ensure understanding on Disaster Risk Management to reduce deaths, number of people affected and direct economic losses caused by disasters which will ultimately help Gujarat in

PS (Edu)

GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
Koba-Gandhinagar Road, Village Raisan, B/h Pandit Deendayal Petroleum University,
Gandhinagar-382007 (Gujarat), India.
Ph.: (079) 23275801, 804 | Fax: (079) 23275814
Email: dg-gidm@gujarat.gov.in | www.gidm.gujarat.gov.in
gidmgngr GujaratDisaster

DS (TE)
DS (Coordination)

Scanned by CamScanner

achieving targets of Sustainable Development Goals and Sendai Framework for Disaster Risk Reduction (document available on: **https://www.unisdr.org/we/inform/publications/43291**).
GIDM would be happy to provide any technical support that your department require.

**5.** A nodal officer from your department may kindly be identified and his/her coordinates may be shared with us for future communication. Dr Repaul Kanji, Research Scientist cum Program Manager (M. No. +91 7574802209, Email Id: rspm-gidm@gujarat.gov.in) will coordinate from GIDM in this regard.

**6.** GIDM would indeed grateful for your comments and suggestion which will assist us in continuously improving our efforts to make Gujarat more disaster resilient.

With kind regards,

Yours Sincerely

**[P K Taneja]**


**Smt. Anju Sharma, IAS**
**Principal Secretary**
Higher & Technical Education Department
Block No. 5, 8th Floor, Sachivalaya,
Gandhinagar.
Gujarat.

Scanned by CamScanner

## Step 1


Log On → https://gidm.gujarat.gov.in

## Step 2




Click on Digital library

## Step 3




Downlode this Module

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૬-C તા.૨૬ -૦૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Zee Entertainment દ્વારા ધોરણ ૬ થી ૧૦ ના બાળકોના જ્ઞાનમાં વધારો કરવાના પ્રોગ્રામ Mind Wars અંગે.

સંદર્ભ :- પત્ર ક્રમાંક :એસએસએ/કયુઈસેલ/૨૦૧૯/૨૦૪૯૭-૫૬૯ તા.૨૫-૦૬-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, Zee Entertainment દ્વારા ધોરણ ૬ થી ૧૦ ના બાળકોના જ્ઞાનમાં વધારો કરવાના પ્રોગ્રામ Mind Wars સ્માર્ટ ફોન / કોમ્પ્યુટર/ટેબલેટ કે લેપટોપના માધ્યમથી જોડાઈ શકાય છે. બાળકો પોતાના જ્ઞાનમાં વધારો કરે અને બિનજરૂરી રીતે મોબાઈલનો ઉપયોગ કરે તેના સ્થાને આવા પ્રોગ્રામમાં જોડાઈ પોતાના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી શકે.જે બાળકો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતા હોય તેમજ શિક્ષક પોતાના શૈક્ષણિક સમય સિવાયના વધારાના સમય દરમ્યાન બાળકો સાથે સમય આપે તેવા બાળકોનું રજીસ્ટ્રેશન કરાવી આ સ્પર્ધામાં ભાગ લેવડાવી શકાય છે. સદર પ્રક્રિયા નિઃશુલ્ક હોઈ જોડાઈ શકાય છે. આ સ્પર્ધા હિન્દી/અંગ્રેજી માધ્યમમાં છે.

આ સાથે સામેલ પત્ર તથા Mind Wars પ્રોગ્રામમાં જોડાયા સંદર્ભની માર્ગદર્શિકા સામેલ છે.

બિડાણ :- Mind Wars માર્ગદર્શિકા.

તા.૨૬-૬-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૭૧૩૩
E-mail : qecell@gmail.com
Tollfree No. : 1800 233 7965

પત્રક્રમાંક:એસએસએ/કયુઈસેલ/૨૦૧૯/ ૨૦૪૧-૭-૫૬૮ તા. ૨૫-૦૬-૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ

શાશનાધિકારીશ્રી: અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત

વિષય :Zee Entertainment દ્વારા ધોરણ ૬ થી ૧૦ના બાળકોના જ્ઞાનમાં વધારો કરવાના પ્રોગ્રામ : Mind Wars અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે zee Entertainment દ્વારા ધોરણ ૬ થી ૧૦ના બાળકોના જ્ઞાનમાં વધારો કરવાના પ્રોગ્રામ : Mind Wars સ્માર્ટ ફોન / કોમ્પ્યુટર / ટેબ્લેટ કે લેપટોપના માધ્યમથી જોડાઈ શકાય છે. બાળકો પોતાના જ્ઞાનમાં વધારો કરે અને બિનજરૂરી રીતે મોબાઈલનો ઉપયોગ કરે તેના સ્થાને આવા પ્રોગ્રામમાં જોડાઈ પોતાના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી શકે તે આશયે મહત્તમ બાળકો આ પ્રોગ્રામમાં જોડાય તેવી અપેક્ષા છે.

જે બાળકોના વાલીઓ સ્માર્ટફોન ઉપયોગ કરતા હોય તેમજ શિક્ષક પોતાના શૈક્ષણિક સમય સિવાયના વધારાના સમય દરમિયાન બાળકો સાથે સમય આપે તેવા બાળકોનું રજીસ્ટ્રેશન કરાવી આ સ્પર્ધામાં ભાગ લેવડાવી શકાય છે. સદર પ્રક્રિયા નિઃશુલ્ક હોઈ જોડાઈ શકાય છે.આ સ્પર્ધા હિન્દી / અંગ્રેજી માધ્યમમાં હશે.

આ પ્રક્રિયામાં પ્રશ્નોના જવાબ અને લેવલ પૂર્ણ કરતા સીટી લેવલ / રાજ્ય લેવલ / નેશનલ લેવલ જેવા સ્તરમાંથી બાળકોને સ્પર્ધાત્મક સ્થિતિમાં પ્રવેશ કરવા મળશે.આમ વિષયવસ્તુ તેમજ જનરલ નોલેજ અને વર્તમાન પ્રવાહોવાળા પ્રશ્નોના આ પ્રોગ્રામમાં મહત્તમ બાળકોને સ્વેચ્છાએ જોડવા માટે સરકારી / ગ્રાન્ટેડ તેમજ ખાનગી શાળાઓને જાણ કરવા વિનંતી.

આ સાથે Mind Wars પ્રોગ્રામમાં જોડવા સંદર્ભેની માર્ગદર્શિકા સામેલ છે.

માન.એસ.પી.ડી.શ્રીની સુચના અન્વયે.

સચિવ
સમગ્ર શિક્ષા અભિયાન
ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારું :
માન.સચિવશ્રી,પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,શિક્ષણ વિભાગ
માન.નિયામકશ્રી,શાળાઓની કચેરી
માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ

ZEE

Extraordinary Together

# ZEE Entertainment launches a first-of-its-kind knowledge acceleration program - 'Mind Wars'

*A multi-platform quiz contest aims participation by 1 crore students representing over 40,000 schools across 200+ cities and towns in India*
*M&E Powerhouse aims at addressing the untapped knowledge based entertainment genre.*

**National, April 5, 2019:** Zee Entertainment Enterprises Ltd. (ZEEL), a global media and entertainment powerhouse, announced the launch of one of the world's largest quiz program titled *Mind Wars* for school students across India.

As yet another pioneering step by the media & entertainment powerhouse, *Mind Wars* is a first of its kind initiative, which will be hosted on a multi-platform ecosystem, providing a comprehensive knowledge acceleration program for students studying in grade 6th to 10th. The company aims to leverage the power of its multimedia prowess to build a property that will span across both, digital and TV, backed with an unprecedented on-ground presence across the country. The company also aims to enhance the knowledge quotient of over 1 crore students from 40,000 schools across 200+ cities of India.

In line with its macro level strategic intent to integrate technology with its content offering, with this initiative, ZEE aims to offer a robust knowledge based kids entertainment platform, which will be hosted on its state of the art digital entertainment platform – ZEE5. With its robust technology and customised user friendly interface, ZEE5 will enable and enhance the participation levels, providing an easy access to 1 crore students across the nation.

Mind Wars will offer an open platform for school kids to benchmark them against their peers on a national scale using multi-platform testing formats across three content buckets: Curriculum, General Knowledge and Current Affairs.

The knowledge series will be conducted in the following sequence of events:

- **Online Qualifiers**: To be held online on the ZEE5 app and website resulting in the formation of 40000+ school teams with 2 champions per school
- **City Finale**: To be held across 200+ cities and towns resulting in 200+ winning school teams who will be crowned as 'City Champions'
- **State Finale**: To be held across 32 Indian States and Union Territories resulting in 32 winning school teams who will be crowned as 'State Champions'
- **National Finale**: State Champions will compete on National Television for the title of Mind Wars Champions India 2019

With a well curated gratification pattern at each level, Mind Wars aims to maintain a strong engagement level for the schools and students.

At the launch of this initiative, **Mr. Punit Misra, CEO, Domestic Broadcast Business at ZEE Entertainment Enterprises Ltd**, said, "We at ZEE Entertainment are focused on offering open platforms to our audience that they can benefit from in the long term. With the launch of a thoughtfully curated program Mind Wars, we aim to create the largest knowledge database that students can access throughout the year. It is our noble attempt to gamify knowledge and to create knowledge-based alternatives for entertainment for kids in their formative years."

The launch event in Delhi, was followed by a quiz competition for 100+ schools from the capital city, with the quizmaster **Mr. Kunal Savarkar, CEO, Xpress Minds Edutainment Pvt. Ltd.** As a consultant to ZEE for this special initiative, Mr. Savarkar said, "For years, my partner Seema Chari and I wondered how we could get millions of students to become part of a knowledge and quizzing revolution. A chance meeting with the management at ZEE, resulted in the creation of this knowledge juggernaut. Thanks to the whole-hearted support of ZEE, our small step is turning into a giant leap."

Mind Wars will host a database of more than 10,000 questions across the three content buckets – curriculum, general knowledge and current affairs. While the level of questions is for grade 6th to 10th, the platform will also be developed for higher age groups in its advanced stages.

**Note to Editors:**

**About ZEE Entertainment Enterprises Ltd:**

ZEE Entertainment Enterprises Limited is one of India's leading media and entertainment companies. It is amongst the largest producers and aggregators of entertainment content in the world, with an extensive library housing over 260,000 hours of television content. With rights to more than 4,800 movie titles from foremost studios and of iconic film stars, ZEEL houses the world's largest Hindi film library.

ZEE's OTT platform, ZEE5 has 100,000+ hours of catch-up content and 90+ live TV channels. The company has a strong presence in the movies and music space through ZEE Studios and ZEE Music Company respectively.

ZEE and its affiliate companies have leading presence across the media value chain including television broadcasting, cable distribution, direct-to-home satellite services, digital media and print media amongst others. More information about ZEE and its businesses is available on www.zeeentertainment.com.

ZEE

Extraordinary Together

PARTICIPATE IN

# INDIA'S BIGGEST KNOWLEDGE CONTEST*

# MIND WARS

Scan to download → Install (ZEE5) → Select (MIND WARS) → Register



## Be a Mind Wars Champion!

Online Qualifiers: 40,000 School champions

City Finale: 200 Champion Teams in 200 cities

State Finale: 32 Champion Teams in 32 Indian States and Union Territories

National Finale: "Mind Wars Champion India 2019" on Television

**Eligibility-** Students of classes 6-10 (both classes inclusive)

12,000+ Practice Questions on Curriculum, Current Affairs & General Knowledge

## Registration & Participation 100% Free

To get the ZEE5 app link, give a missed call on our toll free number 1800-123-224488

For more information, reach us at contact@mindwars.co.in or 9625933434

* Conditions Apply